


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૭ ૭ જુન, ૨૦૨૧, સોમવાર; વૈશાખ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# હવે, રાજ્યમાં બી.યુ. વિના ફાયર એનઓસી

**રૂપાણી સરકારનો ફાયર સેફ્ટી અંગે મોટો નિર્ણય : ૯ મીટર સુધીની ઉંચાઇ ધરાવતા મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ ફાયર સેફ્ટી એનઓસી લેવાનું રહેશે નહી, આવી શૈક્ષણિક સંસ્થાઓ સ્વપ્રમાણિત-સેલ્ફ એટેસ્ટેડ ફાયર એનઓસી કરી શકશે : બી.યુ. પરમીશન ન હોય પરંતુ ફાયર એનઓસીની જોગવાઇઓની સંપૂર્ણ પૂર્તતા થતી હોય તો ફાયર એનઓસી આપવા માટે બી.યુ. પરમીશન ફરજિયાત રહેશે નહિ : શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારો માટે ફાયર એનઓસી જે તે મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર આપી શકશે**



ગાંધીનગર,તા.૬

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં ફાયર સેફ્ટી એનઓસી અંગે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. રૂપાણીએ કરેલા નિર્ણય અનુસાર ૯ મીટરથી ઓછી ઉંચાઇ ધરાવતા હોય અને બેઇઝમેન્ટ ન હોય તેવા મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ હવે ફાયર એનઓસી લેવાનું રહેશે નહિ. પરંતુ આવી શૈક્ષણિક સંસ્થાઓ નિર્દિષ્ટ નિયમાનુસારની ફાયર સેફ્ટી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને સેલ્ફ એટેસ્ટેડ સ્વપ્રમાણિત- રીતે ફાયર એનઓસીજાતે મેળવી શકશે. આ સ્વપ્રમાણિત-સેલ્ફ એટેસ્ટેડ ફાયર એનઓસી કર્યાની જાણ સંબંધિત નગર, શહેર કે જિલ્લામાં શિક્ષણ વિભાગના અધિકારીને કરવાની રહેશે.

રાજ્યમાં ઘણા કિસ્સાઓમાં ફાયર એનઓસીની તમામ જોગવાઈઓ પૂર્ણ થતી હોવા છતાં બી.યુ. પરમીશન ન હોવાને કારણે ફાયર એનઓસી આપવામાં આવતું નથી. મકાનના વપરાશ પ્રમાણપત્ર એટલે કે બી.યુ. ન મળવાના અન્ય કારણો પણ હોઈ શકે છે. આ સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા નિયામકશ્રી અગ્નિ શમન સેવાઓને સ્પષ્ટતા કરવામાં આવી છે કે ફાયર એનઓસી આપવી એ બી.યુ. પરમીશન પૂર્વેની જરૂરિયાત છે. એટલે કે જ્યાં બી.યુ. પરમીશન ન મળી હોય તેવા બિલ્ડિંગો પણ જો ફાયર એનઓસીની જોગવાઈઓની

● અનુસંધાન પાન-૭ પર

# LAC પર ચીની સૈનિકોના પગ ઉખડ્યા : ઠંડીમાં ઠુંઠવાયા

**ડ્રેગન ફોજ અહીંની ઠંડી સહન નથી કરી શકતી : PLAએ ૯૦ ટકા સૈનિકોની પોઝેશન ચેંજ કરી છે એટલે કે આ વિસ્તારોમાં તૈનાત સૈનિકોની અદલા બદલી કરી છે**

નવી દિલ્હી, તા. ૬

એલએસીપર પૂર્વી લદ્દાખ સેક્ટરની પેલે પાર તૈનાત ચીને સૈનિકોના પગ ઉખાડી ફેંક્યા છે. હંમેશા વિસ્તારવાદી વિચારસણીના કારણે બીજા દેશો સાથે 'પંગો' લેનાર ચીનના સૈનિકો અહીં પડી રહેલી કડકડતી ઠંડીને સહન કરી શકતા નથી. ક્ષેત્રમાં વધુ પડતી ઠંડીથી ચીની સૈનિકો પ્રભાવિત થયા છે. એટલા માટે જ પીપુલ્સ લિબરેશન આર્મીએ ૯૦ ટકા સૈનિકોની પોઝેશન ચેંજ કરી છે એટલે કે આ વિસ્તારોમાં તૈનાત સૈનિકોની અદલા બદલી કરી છે.

ચીને આ વિસ્તારમાં અંદરના વિસ્તારોમાંથી નવા સૈનિકોને તૈનાત કર્યા છે. તમને જણાવી દઈએ કે ગત વર્ષ એપ્રિલ-મેથી માંડીને અત્યાર સુધી ચીને પૂર્વી લદ્દાખમાં ભારતીય ક્ષેત્રની આસપાસ ૫૦ હજારથી વધુ સૈનિકો તૈનાત કર્યા છે અને આગળના સ્થળોથી સીમિત સૈનિકોની વાપસીના કરાર છતાં તેમને ત્યાં રાખ્યા છે. પૈંગોગ સરોવર ક્ષેત્રમાં ચીને ગત એક વર્ષથી અહીં હાજર સૈનિકોને હટાવીને હવે નવા સૈનિકોને તૈનાત કર્યા છે.

સૂત્રોના અનુસાર તેના કારણે રોટેશન થઈ શકે છે. ગત વર્ષે પણ કડકડતી ઠંડીના લીધે ગતિરોધવાળી જગ્યાઓ પર દરરોજ ચીનની તરફથી સૈનિકોની અદલા-બદલી કરવામાં આવી રહી હતી. પૈંગોંગ સરોવર ક્ષેત્રમાં ઉચાઈવાળા ક્ષેત્ર પર તૈનાતી



ચીની સૈનિકોને લગભગ દરરોજ અદલા બદલી કરવામાં આવે છે.

જ્યારે ભારતીય સેના પોતાના સૈનિકોને ઉચાઈવાળા ક્ષેત્રોમાં બે વર્ષ માટે તૈનાતી કરે છે અને દર વર્ષે લગભગ ૪૦-૫૦ ટકા સૈનિકોને રોટેટ કરવામાં આવે છે. આ પરિસ્થિતિઓમાં આઈટીબીપીના જવાનોનો કાર્યકાળ ક્યારેક-ક્યારેક બે વર્ષથી પણ વધુ લાંબો હોય છે.

# કોવોવેક્સ રસીના ત્રીજા તબક્કાનું ટૂકમાં ટ્રાયલ

**ડીસીઆઈજીએ ટ્રાયલ માટે મંજુરી આપી : કોરોનાની ત્રીજી લહેરને લઈને ઊભા થતા અનેક પ્રશ્નો પર એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ જવાબ આપ્યા : જૂનના અંત સુધીમાં કેસ ઘટશે**

નવી દિલ્હી, તા. ૬

ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ કોરોના વાયરસની સંભવિત વેક્સિન કોવોવેક્સએ ત્રીજા ચરણના ટ્રાયલ માટે સંશોધિક પ્રોટોકોલની મંજૂરી આપી દેવમાં આવી છેય આ ટ્રાયલ વિના પ્લેસિબોની સાથે કરવામાં આવી શકે છે. પ્લેસિબો નિયંત્રિત ટ્રાયલમાં, કેટલાક સ્વયંસેવકોને ડ્રગ અથવા રસી આપવામાં આવે છે, અને કેટલાકને પ્લેસબો આપવામાં આવે છે. આ સંશોધનકારોને ડ્રગ અથવા રસીની અસરકારકતા ચકાસવામાં મદદ કરે છે.

કોવાવોક્સ યુએસ સ્થિત કંપની નોવાવાક્સના સહયોગથી પૂણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા વિકસિત કરવામાં આવી છે. સુધારેલી માર્ગદર્શિકા હેઠળ ૧૮ વર્ષથી વધુની ૧૮૦૦ સ્વયંસેવકો દેશના ૨૦ જુદા જુદા સ્થળોએ કોવોવક્સ સ્થાપિત કરશે. આઈસીએમઆર-એનએઆરઆઈ અગ્રણી સંશોધક ડો. અભિજીત કદમે માહિતી આપી છે કે, કોવોવેક્સની સુનાવણી જૂનના મધ્યમાં શરૂ થવાની સંભાવના છે. આ ટ્રાયલ દેશના ૨૦ સ્થળોએ કરવામાં આવશે. આ માટે વોલેન્ટીયરની ભરતી પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. કોવોવેક્સના પ્રારંભિક તબક્કા ત્રીજા ટ્રાયલના સંશોધન ભાગને મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે ૨૦૦ પ્રતિભાગીઓમાંથી સલામતી ડેટા સેફ્ટી મોનિટરિંગ બોર્ડને રજૂ કરવામાં આવી હતી.

ઓગસ્ટ ૨૦૨૦ માં, અમેરિકન કંપની નોવાવાક્સે NVX-CoV2373નું ઉત્પાદન કરવા અને ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં વેચવા માટે ભારતીય કંપની એસઆઈઆઈ સાથેના લાઈસન્સ કરાર પર હસ્તાક્ષર કર્યા.

## પ.બંગાળમાં સુવેન્દુ અધિકારી, તેમના ભાઈની વિરુદ્ધ FIR

કોલકાતા, તા. ૬

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી અને તેમના ભાઈ સોમેન્દુ અધિકારી વિરુદ્ધ કાંઠી પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. બંને વિરુદ્ધ કાંઠી મ્યુનિસિપાલિટીથી રાહત સામગ્રી ચોરી કરવાના આરોપમાં આ કેસ દાખલ થયો છે.

પોલીસના જણાવ્યા મુજબ સુવેન્દુ અધિકારી અને તેમના ભાઈ વિરુદ્ધ રતનદીપ મન્નાએ ગત ૧ જૂનના રોજ ફરિયાદ દાખલ કરી. ફરિયાદકર્તા કાંઠી મ્યુનિસિપાલિટીના કોર્પોરેટર છે. તેમણે અધિકારી ભાઈઓ પર ચોરીનો આરોપ લગાવ્યો છે.

# પિત્ઝા-બર્ગરની હોમ ડિલિવરી થઈ શકે તો રાશનની કેમ નહિ?: કેજરીવાલ

**આપ સરકારની ઘરે-ઘરે રાશન યોજના પર કેન્દ્રએ બ્રેક મોરી**

ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્ર સરકાર તરફથી દિલ્હી સરકારની 'ઘરે-ઘરે રાશન યોજના' પર પ્રતિબંધ લગાવતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે એક પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે કહ્યું કે આ યોજનાના અમલીકરણ માટે તમામ તૈયારીઓ કરવામાં આવી હતી, તો પછી તમે બે દિવસ પહેલા કેમ તેને રોકી દીધી? કેજરીવાલે કહ્યું કે તમે આમ કહીને અમારી યોજના નામંજૂર કરી કે અમે કેન્દ્રની મંજૂરી લીધી નથી. પરંતુ અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્રની મંજૂરી લીધી હતી.

મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું, આગામી સપ્તાહથી ઘરે-ઘરે રશન યોજના શરૂ થવાની હતી. આ માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે, પરંતુ કેન્દ્રએ અચાનક બે દિવસ પહેલા જ તેના પર પ્રતિબંધ લગાવી દીધો? વડાપ્રધાનજી આજે હું ખુબ જ વ્યથિત છું. જો આજે મારાથી કોઈ ભૂલ થઈ જાય તો માફ કરી દેજો. વડાપ્રધાનજી, રાજ્ય સરકાર આ યોજના માટે



સક્ષમ છે. અને અમે કેન્દ્ર સાથે કોઈ વિવાદ ઈચ્છતા નથી. અમે તેનું નામ મુખ્યમંત્રી ઘરે-ઘરે રાશન યોજના રાખ્યું હતું. તે પછી તમે કહ્યું હતું કે યોજનામાં મુખ્યમંત્રીના નામનો સમાવેશ કરી શકાશે નહીં. અમે તમારી વાત માનીને નામ દૂર કરી નાખ્યું. ત્યારે હવે તમે અમારી યોજનાને એમ કહીને નકારી દીધી છે કે અમે કેન્દ્રની પરવાનગી લીધી નથી. અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્ર સરકારની મંજૂરી લીધી છે.

કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતું કે 'આ દેશમાં જો સ્માર્ટફોન, પિઝાની હોમ ડિલિવરી થઈ શકે છે તો રાશનની કેમ નહીં? શું તમને રાશન માફિયા પ્રત્યે સહાનુભૂતિ છે, વડાપ્રધાન સર? તે ગરીબ લોકોની વાત કોણ સાંભળશે? કોર્ટમાં અમારી યોજના સામે કેન્દ્રને જો કોઈ વાંધો નથી તો હવે કેમ તેને નકારી કાઢવામાં આવી રહી છે? ઘણા ગરીબ લોકોએ નોકરી ગુમાવી છે. લોકો બહાર જવા માંગતા નથી, તેથી અમે ઘરે-ઘરે રાશન મોકલવા માંગીએ છીએ.

## હાઈકમાન્ડ આદેશ કરશે તો મુખ્યમંત્રી પદ છોડી દઈશ: યેદિયુરપ્પા

બેંગ્લુરૂ,તા.૬

કર્ણાટક ભાજપમાં પણ આજકાલ ઉથલ પાથલ ચાલી રહી છે. અહીંયા સત્તાધારી ભાજપમાં હાલના સીએમ યેદિયુરપ્પા સામે અસંતોષ જોવા મળી રહ્યો છે.

તેમને સીએમ તરીકે હટાવાશે તેવી અટકળો વચ્ચે ખુત યેદિયુરપ્પાએ કહ્યુ હતુ કે, જે દિવસે મને હાઈકમાન્ડ સીએમ પદ છોડવાનુ કહેશે તે દિવસે હું રાજીનામુ આપી દઈશ. સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે, રાજયમાં ભાજપનો કોઈ વિકલ્પ હોય તેવુ મને લાગતુ નથી.

# કોલકાતામાં ભાજપ કાર્યાલયથી ૧૦૦ મીટર દૂરથી ૫૧ બોમ્બ મળી આવતાં હડકંપ

કોલકાત્તા,તા.૬

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમિયાન અને ચૂંટણી બાદ પણ સતત હિંસક ઘટનાઓ સામે આવી રહી છે. ચૂંટણી બાદ પણ ભાજપના કાર્યકરો પર હુમલાની અનેક ઘટનાઓ સામે આવી છે. ત્યારે આ બધા વચ્ચે શનિવારે મિલિટ્રી ઈન્ટેલિજન્સને મળેલા ઈનપુટના આધારે કોલકાતા પોલીસના એન્ટી રાઉડી સેક્શને ભાજપના કાર્યાલય પાસે હેસ્ટિંગ્સ ક્રોસિંગ ક્ષેત્ર ખાતેથી ૫૧ બોમ્બ જપ્ત કર્યા છે.

કોલકાતા પોલીસે શનિવારે રાતે મહાનગરના હેસ્ટિંગ્સ ક્રોસિંગ એરિયામાં આવેલા ભાજપના કાર્યાલય પાસેથી આશરે ૫૧ દેશી બોમ્બ જપ્ત કર્યા હતા જેને લઈ ભારે હડકંપ મચી ગયો હતો. આ બોમ્બને પ્લાસ્ટિકની બોરીમાં ભરીને ભાજપ કાર્યાલયથી માત્ર ૧૦૦ મીટર દૂર રાખવામાં આવ્યા હતા. પોલીસ બોમ્બ ભરેલી બોરી મુકનારી વ્યક્તિને શોધવા પ્રયત્ન કરી રહી છે.

જાણવા મળ્યા મુજબ પોલીસના એન્ટી રાઉડી સેક્શન (એઆરએસ)ને મિલિટ્રી ઈન્ટેલિજન્સ દ્વારા ઈનપુટ મળ્યા હતા. તેના આધાર પર એઆરએસે મોડી રાતે ભાજપના કાર્યાલય પાસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન સૂતળી લપેટીને તૈયાર કરવામાં આવેલા ૫૧ દેશી બોમ્બથી ભરેલી સફેદ રંગની બોરી જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરવામાં આવેલા તમામ બોમ્બ જીવંત અને વિસ્ફોટ કરવા સક્ષમ હતા.

એઆરએસે તાત્કાલિક બોમ્બ સ્કવોડને ઘટના સ્થળે બોલાવી હતી અને બોમ્બને નિષ્ક્રિય કરી દેવામાં આવ્યા હતા. પોલીસ બોમ્બ મુકનારાને શોધવા માટે સીસીટીવી કેમેરાની તપાસ કરી રહી છે અને આસપાસના લોકોની પુછપરછ કરી રહી છે.


દર વર્ષે ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાને તો આપણું કિશોર ઈન્સ્ટિટ્યૂટ જ...

SINCE 2001 ®

કિશોર ઈન્સ્ટિટ્યૂટ

Come with Dreams... Return with success.....

ADMISSION OPEN For 6th to 12th

Std. : 6,7,8 (બધા વિષયો)

Std. : 9,10 (Guj./Eng. Medium) (NEET/JEE Foundation)

11th, 12th Science NEET / AIIMS / BOARD JEE (MAIN / ADVANCED) / BOARD / GUJCET

સફળ ડૉક્ટર કે એન્જીનિયર બનવા માટેની સુવર્ણ તક...

| Standard | Medium | Starting Date |
|---|---|---|
| 11th (NEET / JEE) | Gujarati | 24-5-2021 સોમવાર થી |
| 9th - 10th | Gujarati | 27-05-2021 ગુરુવાર થી |
| 9th - 10th | English | 10th : 5.30pm to 6.30pm 9th : 7.00pm to 8.00pm |
| 6th - 8th | Gujarati | 6-6-2021 રવિવાર થી |

1st (સમગ્ર ગુજરાત)

JAY DAVE S.S.C. 99.95 PR

DEV PATEL IIT Qualified JEE 1st in G'nagar

ANUJ BAROT 665/720 (NEET) B.J.Medical AIIMS Qualified

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૧૦૦%* સુધી ની સ્કોલરશીપ

CELEBRATING 20th Year of SUCCESS

સતત ૨૦ વર્ષ સુધી અતૂટ વિશ્વાસ રાખવા બદલ વિદ્યાર્થીઓ અને વાલીમિત્રોનો આભાર

Head Branch : G-1 circle. Branch : Ch-6 Circle, Sector-22, Gandhinagar. Mo. : 7069886002, 7069876002


# દેશમાં બે માસ બાદ સૌથી ઓછા નવા કેસ

નવી દિલ્હી, તા. ૬

દેશભરમાં હવે કોરોનાની બીજી લહેરનો પ્રકોપ ઘટતો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે મહિનામાં સૌથી ઓછા નવા કેસ નોંધાયા છે. નવા કેસ અને મૃત્યુના આંકડામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧.૧૪ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૨૬૭૭ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. આ અગાઉ શનિવારે બહાર પડેલા આંકડા મુજબ ભારતમાં કોરોનાના નવા ૧.૨૦ લાખ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૩૩૮૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૧૪,૪૬૦ દર્દીઓ નોંધાયા છે. આ સાથે દેશભરમાં કુલ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨,૮૮,૦૯,૩૩૯ થઈ છે.


TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬